# Gujarat Panchayat Service Selection Board

**Notations :**

1.Options shown in green color and with ✔ icon are correct.

2.Options shown in red color and with ✖ icon are incorrect.

| | |
|---|---|
| **Question Paper Name :** | Research Assistant 2 |
| **Subject Name :** | 08 RESEARCH ASSISTANT |
| **Number of Questions :** | 150 |
| **Change Font Color :** | No |
| **Change Background Color :** | No |
| **Change Theme :** | No |
| **Help Button :** | No |
| **Show Reports :** | No |
| **Show Progress Bar :** | No |

## 08 RESEARCH ASSISTANT

| | |
|---|---|
| **Maximum Instruction Time :** | 0 |
| **Is Section Default? :** | No |

**Question Number : 1 Question Id : 4410091472069**

D, F, H, K અને L ની ઊંચાઈ અલગ-અલગ છે. H એ F કરતા ઊંચો છે પણ K કરતા ટૂંકો છે. F એ L કરતા ઊંચો છે. D એ L કરતા ઊંચો છે. બે કરતાં વધુ લોકો D કરતા ઊંચા છે. તો L કરતા કેટલા લોકો ઊંચા છે?

**Options :**

4410095816159. ✖ એક

4410095816160. ✖ બે

4410095816161. ✖ ત્રણ

4410095816162. ✔ ચાર

**Question Number : 2 Question Id : 4410091472074**

એક ચોક્કસ કોડ ભાષામાં,

A * B નો અર્થ થાય છે કે 'A એ B ની બહેન છે'
A + B નો અર્થ થાય છે કે 'A એ B નો ભાઈ છે'
A $ B નો અર્થ થાય છે કે 'A એ B ની પત્ની છે'
A @ B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે'

ઉપરોક્તના આધારે, જો 'V + F * K $ E @ Z' હોય, તો V નો Z સાથે શું સંબંધ છે?

**Options :**

4410095816179. ✔ માતાનો ભાઈ

4410095816180. ✖ માતાના પિતા

4410095816181. ✖ માતા

4410095816182. ✖ પત્ની

**Question Number : 3 Question Id : 4410091472096**

જો 86274358 સંખ્યાના દરેક એકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે અને દરેક બેકી અંકમાં 1 ઉમેરવામાં આવે, તો આ રીતે બનેલી નવી સંખ્યામાં ડાબી બાજુથી ચોથા અને જમણી બાજુથી બીજા સ્થાને આવેલા અંકોનો સરવાળો કેટલો થશે?

**Options :**

4410095816275. ✔ 8

4410095816276. ✖ 11

4410095816277. ✖ 12

4410095816278. ✖ 13

**Question Number : 4 Question Id : 4410091577026**

11મી સદીમાં કયા સોલંકી શાસકે આશાવલ (Ashaval)ના ભીલ રાજાને હરાવ્યો હતો?

**Options :**

4410096229093. ✔
કરણદેવ પ્રથમ (Karandev I)

4410096229094. ✖
સિદ્ધરાજ જયસિંહ પ્રથમ (Siddhraj Jaysinh I)

4410096229095. ✖
દુશશાલ ચૌહાણ (Dushshal Chauhan)

4410096229096. ✖
મુલરાજ પ્રથમ (Mulraj I)

**Question Number : 5 Question Id : 4410091549805**

1915-1920 દરમિયાન, મહાત્મા ગાંધીએ નીચેનામાંથી કયાને મશીનો પર નિર્ભરતાને બદલે આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપતા સમાજના પ્રતીક તરીકે જોયું?

**Options :**

4410096121915. ✖
શટલ

4410096121916. ✔
રેંટિયો (ચરખો)

4410096121917. ✖
સોય

4410096121918. ✖
સાળ (લૂમ)

**Question Number : 6 Question Id : 4410091549810**

1905 માં બંગાળના ભાગલા પછી નીચેનામાંથી કોણે સ્વદેશી અપનાવવાનો અને વિદેશી માલના બહિષ્કારનો સંદેશ બોમ્બે અને પુણેમાં પહોંચાડ્યો?

**Options :**

4410096121931. ✖
ગોપાલ કૃષ્ણ ગોખલે

4410096121932. ✖
જવાહરલાલ નેહરુ

4410096121933. ✖
અરવિંદ ઘોષ

4410096121934. ✔
બાળ ગંગાધર ટિળક

**Question Number : 7 Question Id : 4410091549746**
ઈન્ડો-ઈસ્લામિક સ્થાપત્યનું પ્રખ્યાત ઉદાહરણ, ચારમીનાર, ભારતના કયા શહેરમાં આવેલું છે?
**Options :**
4410096121683. ✔
હૈદરાબાદ
4410096121684. ✖
દિલ્હી
4410096121685. ✖
લખનઉ
4410096121686. ✖
જયપુર

**Question Number : 8 Question Id : 441009606392**
મહાબલીપુરમમાં પહાડ કોતરીને મંદિરો (Rock Cut Temples)નું નિર્માણ નીચેનામાંથી કયા શાસકે કર્યું હતું?
**Options :**
4410092380685. ✖ ચાલુક્ય (Chalukya)
4410092380686. ✖ પાલ (Pala)
4410092380687. ✖ સાતવાહન
4410092380688. ✔ પલ્લવ

**Question Number : 9 Question Id : 4410091578443**
વડોદરામાં આવેલ બરોડા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરી કઈ સ્થાપત્ય શૈલીનું ઉદાહરણ છે?
**Options :**
4410096234859. ✖
દ્રવિડિયન
4410096234860. ✖
મુઘલ
4410096234861. ✔
ઇન્ડો-સારસેનિક (Indo-Saracenic)
4410096234862. ✖
કોલોનિયલ ગોથિક (Colonial Gothic)

**Question Number : 10 Question Id : 4410091592439**
કયા પ્રાચીન ભૂમિભાગના તૂટવા (Breaking)થી અને વહેવા (Drifting)થી દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશની રચના થઇ હતી?

**Options :**
4410096290111. ✖ લૌરેશિયા (Laurasia)
4410096290112. ✖ અંગારા લેન્ડ (Angara Land)
4410096290113. ✔ ગોંડવાના જમીન (Gondwana Land)
4410096290114. ✖ ટેથિસ સી ફ્લોર (Tethys Sea Floor)

**Question Number : 11 Question Id : 4410091578459**
ગુજરાતના કાળીયાર (બ્લેકબક) રાષ્ટ્રીય ઉદ્યાનમાં વિશ્વની પચાસ દુર્લભ પક્ષી જાતિઓ પૈકી કઈ દુર્લભ પક્ષી જાતિનું સંવર્ધન (breed) થાય છે?
**Options :**
4410096234921. ✖ ડેમોઇસેલ ક્રેન (Demoiselle Crane)
4410096234922. ✔ લેસર ફ્લોરિકન (Lesser florican)
4410096234923. ✖ વ્હાઇટ સ્ટોર્ક (White Stork)
4410096234924. ✖ સ્ટેપી ઇગલ (Steppe Eagle)

**Question Number : 12 Question Id : 4410091578462**
ગુજરાતના ભાલ અને દરિયાકાંઠાના (તટિય) વિસ્તારોમાં કયા પ્રકારની માટી જોવા મળે છે?
**Options :**
4410096234933. ✔ મધ્યમ કાળી, ઓછું પાણી શોષતી (poorly drained) અને ખાર (saline) માટી
4410096234934. ✖ ઘેરી કાળી ચીકણીમાટી (Deep black clayey)
4410096234935. ✖ રેતાળ ગોરાડું (sandy loam)થી રેતાળ
4410096234936. ✖ આછી મધ્યમ કાળી ચૂનાયૂક્ત માટી (Shallow medium black calcareous)

**Question Number : 13 Question Id : 4410091540100**
નીચેનામાંથી કોણ બે ઓલિમ્પિક મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા છે?
**Options :**
4410096083715. ✔
પી. વી. સિંધુ
4410096083716. ✖
મેરી કોમ
4410096083717. ✖
સાઇના નેહવાલ
4410096083718. ✖
કર્ણમ મલ્લેશ્વરી

**Question Number : 14 Question Id : 4410091540120**
વિમ્બલ્ડન 2024 ના પુરુષ સિંગલ્સ ચેમ્પિયન __________ હતા.
**Options :**
4410096083755. ✖
નોવાક જોકોવિચ (Novak Djokovic)
4410096083756. ✔
કાર્લોસ અલ્કારાઝ (Carlos Alcaraz)
4410096083757. ✖
ડેનિલ મેદવેદેવ (Daniil Medvedev)
4410096083758. ✖
રોજર ફેડરર (Roger Federer)

**Question Number : 15 Question Id : 4410091578664**
ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ મુખ્યત્વે કયા ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે શરૂ કરવામાં આવી હતી?
**Options :**

4410096235744. ✖
રમતો દ્વારા પ્રવાસન (tourism)ને પ્રોત્સાહન આપવું

4410096235745. ✔ રમતગમતની પ્રતિભાની ઓળખ અને સંવર્ધન

4410096235746. ✖ તમામ શાળા-સ્તરની સ્પર્ધાઓને રિપ્લેસ કરવી

4410096235747. ✖ માત્ર ઉચ્ચ વર્ગના ખેલાડીઓ (elite athletes)ને તાલીમ આપવી

**Question Number : 16 Question Id : 4410091540009**

રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળ ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ આધુનિક અને વૈજ્ઞાનિક આધારો પર કૃષિ અને પશુપાલનના સંગઠનો સાથે વ્યવહાર (ડીલ) કરે છે?

**Options :**

4410096083375. ✖
અનુચ્છેદ 46

4410096083376. ✖
અનુચ્છેદ 47

4410096083377. ✔
અનુચ્છેદ 48

4410096083378. ✖
અનુચ્છેદ 44

**Question Number : 17 Question Id : 4410091540020**

શું રાષ્ટ્રપતિ યુદ્ધ અથવા બળવાની વાસ્તવિક ઘટના થાય તે પહેલા કટોકટી જાહેર કરી શકે છે?

**Options :**

4410096083435. ✔ હા, જો કોઈ તરત બનનારું જોખમ (Imminent Danger) હોય તો

4410096083436. ✖ ના, એવી ઘટના થાય તે પછી જ

4410096083437. ✖ હા, માત્ર સંસદની મંજૂરી (Parliament Approval) સાથે

4410096083438. ✖ ના, માત્ર વડાપ્રધાન જ કરી શકે છે

**Question Number : 18 Question Id : 4410091540047**

ભારતીય બંધારણના અનુચ્છેદ 85 મુજબ, સંસદના સત્રોના સંબંધમાં રાષ્ટ્રપતિ નીચેનામાંથી કઈ સત્તાનો ઉપયોગ કરે છે?

**Options :**

4410096083547. ✔ સંસદના કોઈપણ ગૃહને સ્થગિત કરવું

4410096083548. ✖ બિલો પસાર કરવા

4410096083549. ✖ અધ્યક્ષ (Speakers)ની નિમણૂક કરવી

4410096083550. ✖ પ્રક્રિયા (procedure)ના નિયમોની રચના કરવી

**Question Number : 19 Question Id : 4410091550166**

ભારતના બંધારણના ભાગ IX હેઠળ પંચાયતી રાજના ત્રણ સ્તરો (three tiers) વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

**Options :**

4410096123131. ✖
પંચાયતી રાજ ફક્ત ગ્રામ્ય સ્તરે જ અસ્તિત્વ ધરાવે છે.

4410096123132. ✖
50 લાખથી ઓછી વસ્તી ધરાવતા રાજ્યોમાં ત્રણેય સ્તરો હોવા જોઈએ.

4410096123133. ✔
ગામ, મધ્યવર્તી અને જિલ્લા સ્તરે બધા સભ્યો ચૂંટાય છે.

4410096123134. ✖
ગ્રામ્ય સ્તરે સરપંચ હંમેશા પરોક્ષ રીતે ચૂંટાય છે.

**Question Number : 20 Question Id : 4410091550186**
જો વહેલું વિસર્જન ન થાય તો પંચાયતનો મહત્તમ સમયગાળો કેટલો હોય છે?
**Options :**
4410096123211. ✖
3 વર્ષ
4410096123212. ✖
4 વર્ષ
4410096123213. ✔
5 વર્ષ
4410096123214. ✖
6 વર્ષ

**Question Number : 21 Question Id : 4410091550195**
ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ પંચાયતોની ચૂંટણીઓ સાથે સંબંધિત છે?
**Options :**
4410096123247. ✖
અનુચ્છેદ 243A
4410096123248. ✔
અનુચ્છેદ 243K
4410096123249. ✖
અનુચ્છેદ 324
4410096123250. ✖
અનુચ્છેદ 356

**Question Number : 22 Question Id : 4410091550206**
જો કોઈ પંચાયતનો 5 વર્ષનો કાર્યકાળ પૂર્ણ થાય તે પહેલાં તેનું વિસર્જન કરવામાં આવે, તો કેટલા સમયગાળામાં નવી ચૂંટણીઓ યોજાવી જોઈએ?
**Options :**
4410096123291. ✖
3 મહિનાની અંદર
4410096123292. ✔
6 મહિનાની અંદર
4410096123293. ✖
1 વર્ષની અંદર
4410096123294. ✖
2 વર્ષની અંદર

**Question Number : 23 Question Id : 4410091578486**
ગુજરાતમાં, પાલક માતા પિતા યોજના (ઓગસ્ટ 2009 માં શરૂ કરાયેલી) હેઠળ, પાલક માતાપિતા અથવા વાલીઓને અનાથ બાળકો માટે તેઓ કેટલી ઉંમરના થતા સુધી નાણાકીય સહાય મળે છે?
**Options :**
4410096235025. ✖ 14 વર્ષ
4410096235026. ✖ 16 વર્ષ

4410096235027. ✔ 18 વર્ષ

4410096235028. ✖ 20 વર્ષ

**Question Number : 24 Question Id : 4410091578487**
ગુજરાતમાં ગંગા સ્વરૂપા પેન્શન યોજના હેઠળ, એપ્રિલ 2019 થી વિધવા મહિલાઓ માટે માસિક આર્થિક સહાય વધારીને કેટલી કરવામાં આવી હતી?

**Options :**

4410096235029. ✖ ₹750

4410096235030. ✔ ₹1250

4410096235031. ✖ ₹1500

4410096235032. ✖ ₹1750

**Question Number : 25 Question Id : 4410091578501**
ગુજરાતમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ લાભ મેળવવા માટે નીચેનામાંથી કોણ પાત્ર છે?

**Options :**

4410096235085. ✖
શહેરી વિસ્તારોમાં તમામ મહિલાઓ

4410096235086. ✔
ફક્ત અનુસૂચિત જનજાતિ પરિવારો, BPL પ્રાધાન્યમાં (Preferably BPL)

4410096235087. ✖
10 એકરથી વધુ જમીન ધરાવતા ખેડૂતો (Farmers)

4410096235088. ✖
ગુજરાતના તમામ નાગરિકો

**Question Number : 26 Question Id : 4410091582035**
ગુજરાત સરકારે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN) કયા વર્ષમાં શરૂ કરી હતી?

**Options :**

4410096249401. ✖
2015–16

4410096249402. ✖
2016–17

4410096249403. ✔
2017–18

4410096249404. ✖
2018–19

**Question Number : 27 Question Id : 4410091550264**
નીચેનામાંથી કયા વિકલ્પે હરિયાળી ક્રાંતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી પરંતુ 1991 પછી એમાં જાહેર રોકાણમાં ઘટાડો જોવા મળ્યો?

**Options :**

4410096123519. ✔
સંશોધન અને વિસ્તરણ સેવાઓ (extension services)

4410096123520. ✖
નિકાસને પ્રોત્સાહન (Export promotion)

4410096123521. ✖
કોર્પોરેટ ખેતી

4410096123522. ✖
ફૂડ પ્રોસેસિંગ યુનિટો

**Question Number : 28 Question Id : 4410091550273**
સ્વતંત્રતા પછી ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં, કૃષિ ઉત્પાદકતા પર પ્રતિકૂળ અસર કરતી જમીનદારી પ્રણાલી (Zamindari system) કયા પ્રદેશમાં મુખ્યત્વે લાગુ કરવામાં આવી હતી?
**Options :**
4410096123555. ✖
ડેક્કન ઉચ્ચપ્રદેશ
4410096123556. ✖
મદ્રાસ પ્રેસિડેન્સી
4410096123557. ✔
બંગાળ પ્રેસિડેન્સી
4410096123558. ✖
પંજાબ પ્રદેશ

**Question Number : 29 Question Id : 4410091550234**
ભારતમાં બીજી પંચવર્ષીય યોજના કઈ આર્થિક નીતિ સાથે ગાઢ રીતે જોડાયેલી હતી?
**Options :**
4410096123399. ✖
ઔદ્યોગિક નીતિ, 1948
4410096123400. ✖
નવી કૃષિ નીતિ, 1965
4410096123401. ✖
ઔદ્યોગિક નીતિ, 1991
4410096123402. ✔
ઔદ્યોગિક નીતિ, 1956

**Question Number : 30 Question Id : 4410091504887**
5 જૂન 2025 ના રોજ, નીચેનામાંથી કયા દેશે ભારત સાથે દ્વિપક્ષીય રોકાણ સંધિ (BIT) પર હસ્તાક્ષર કર્યા?
**Options :**
4410095943969. ✖
નેપાળ
4410095943970. ✔
કિર્ગિસ્તાન
4410095943971. ✖
વિયેતનામ
4410095943972. ✖
ફ્રાન્સ

**Question Number : 31 Question Id : 4410091505457**
નીચેનામાંથી કયું L અને S-બેન્ડ, ગ્લોબલ, માઇક્રોવેવ ઇમેજિંગ મિશન છે, જે 2025 માં ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) દ્વારા શરૂ કરાયેલ સંપૂર્ણપણે પોલરિમેટ્રિક (Polarimetric) અને ઇન્ટરફેરોમેટ્રિક ડેટા પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે?
**Options :**

4410095946224. ✖
INSAT-3DS

4410095946225. ✔
NISAR

4410095946226. ✖
GSAT-22

4410095946227. ✖
મેઘા-ટ્રોપિક્સ-II (Megha-Tropiques-II)

**Question Number : 32 Question Id : 4410091532399**
ઓડિશા સરકાર દ્વારા જંગલોના રક્ષણ અને સંરક્ષણમાં સ્થાનિક સમુદાયોને સામેલ કરવા માટે કઇ સંસ્થાને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી છે?
**Options :**
4410096052662. ✖ ચિપકો મૂવમેન્ટ (Chipko Movement)
4410096052663. ✖ બીજ બચાઓ આંદોલન (Beej Bachao Andolan)
4410096052664. ✖ નવદાન્ય (Navdanya)
4410096052665. ✔ સંયુક્ત વન સંચાલન (Joint Forest Management)

**Question Number : 33 Question Id : 4410091532698**
જ્યાં ઈલેક્ટ્રોન્સ ન્યુક્લિયસના ફરતે ક્વાન્ટાઈઝ્ડ ઊર્જા સ્તરોમાં ફરે છે તેવા પરમાણુના મોડેલ (model of the atom)નો પ્રસ્તાવ મૂકવાનો શ્રેય કોને જાય છે?
**Options :**
4410096053862. ✖ અર્નેસ્ટ રધરફોર્ડ (Ernest Rutherford)
4410096053863. ✔ નીલ્સ બૉહર (Niels Bohr)
4410096053864. ✖ જે. જે. થોમસન
4410096053865. ✖ આલ્બર્ટ આઈન્સ્ટાઈન

**Question Number : 34 Question Id : 4410091468158**
'ICT-સક્ષમ શિક્ષણ (ICT-Enabled learning)' નો અર્થ શો થાય છે?
**Options :**
4410095800521. ✖ ટેકનોલોજી વિના શિક્ષણ આપવું
4410095800522. ✔ શિક્ષણને વધારવા માટે ડિજિટલ સાધનો અને ઑનલાઇન પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરવો
4410095800523. ✖ શિક્ષકોના સ્થાને રોબોટ્સ મૂકવા
4410095800524. ✖ માત્ર કમ્પ્યુટર પ્રોગ્રામિંગ શીખવું

**Question Number : 35 Question Id : 4410091505486**
રાજ્યમાં ઇલેક્ટ્રોનિક્સ ઘટકોના ઉત્પાદન (Manufacturing)ને પ્રોત્સાહન આપવા માટે 2025 માં ગુજરાત સરકારે કઈ નીતિ રજૂ કરી?
**Options :**
4410095946340. ✖ ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ પોલિસી 2025-28
4410095946341. ✖ ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી 2025
4410095946342. ✔ ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી 2025
4410095946343. ✖ ગુજરાત સ્ટાર્ટ-અપ પોલિસી 2025-30

**Question Number : 36 Question Id : 4410091483963**
નીચે આપેલ રુઢિપ્રયોગનો યોગ્ય અર્થ પસંદ કરો.

માથે હાથ ફેરવવો

**Options :**

4410095862729. ✔ આશિષ આપવા

4410095862730. ✖ વાળ સરખા કરવા

4410095862731. ✖ માથું ખંજવાળવું

4410095862732. ✖ ચોરી કરવી

**Question Number : 37 Question Id : 4410091484002**
નીચે આપેલ રુઢિપ્રયોગનો યોગ્ય અર્થ પસંદ કરો.

વાત ગળે ન ઊતરવી

**Options :**

4410095862881. ✖ બોલીને ફરી જવું

4410095862882. ✔ સમજ ન પડવી

4410095862883. ✖ ગળું ખુલ્લું ન થવું

4410095862884. ✖ વાત જીભ સુધી ન આવવી

**Question Number : 38 Question Id : 4410091484160**
નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શોધો.

આવક

**Options :**

4410095863533. ✖ પગાર

4410095863534. ✔ જાવક

4410095863535. ✖ કમાણી

4410095863536. ✖ વકરો

**Question Number : 39 Question Id : 4410091484948**
નીચે આપેલ શબ્દનો સમાસનો પ્રકાર ઓળખાવો.

સૂર્યમંદિર

**Options :**

4410095866273. ✖ કર્મધારય સમાસ

4410095866274. ✖ અવ્યયીભાવ સમાસ

4410095866275. ✔ તત્પુરુષ સમાસ

4410095866276. ✖ મધ્યમપદલોપી સમાસ

**Question Number : 40 Question Id : 4410091485081**
નીચે આપેલા વિકલ્પોમાંથી શુદ્ધ જોડણી ધરાવતો વિકલ્પ પસંદ કરો.

**Options :**

4410095866801. ✔ અનુભૂતિ

4410095866802. ✖ અનુભુતી

4410095866803. ✖ અણુભૂતિ
4410095866804. ✖ અનુંભીતી

**Question Number : 41 Question Id : 4410091485130**
નીચે આપેલા વિકલ્પોમાંથી શુદ્ધ જોડણી ધરાવતો વિકલ્પ પસંદ કરો.
**Options :**
4410095866997. ✔ વનસ્પતિ
4410095866998. ✖ વનસ્પતી
4410095866999. ✖ વનસપતી
4410095867000. ✖ વનસ્પ્તી

**Question Number : 42 Question Id : 4410091501574**
આપેલ રૂઢિપ્રયોગનો સાચો અર્થ જણાવો : તરંગે ચડી જવું
**Options :**
4410095930700. ✔ વિચારે ચડી જવું
4410095930701. ✖ તરંગ પર ચડી જવું
4410095930702. ✖ મજાએ ચડી જવું
4410095930703. ✖ દુ:ખી થઈ જવું

**Question Number : 43 Question Id : 4410091484070**
નીચે આપેલ રુઢિપ્રયોગનો યોગ્ય અર્થ પસંદ કરો.

જીભના કૂચા વળવા
**Options :**
4410095863169. ✖ જીભ બહાર નીકળવી
4410095863170. ✖ કહી કહીને થાકી જવું
4410095863171. ✔ જીભ થોથવાઈ જવી
4410095863172. ✖ જીભમાં લખવો મારવો

**Question Number : 44 Question Id : 4410091501694**
આ શબ્દમાં રહેલ સમાસનો પ્રકાર ઓળખાવો : હારજીત
**Options :**
4410095931180. ✖ કર્મધારય સમાસ
4410095931181. ✖ દ્વિગુ સમાસ
4410095931182. ✖ તત્પુરુષ સમાસ
4410095931183. ✔ દ્વંદ્વ સમાસ

**Question Number : 45 Question Id : 4410091501742**
સાચી જોડણી ધરાવતો શબ્દ જણાવો.
**Options :**
4410095931372. ✖ ક્ષીતિજ
4410095931373. ✖ ક્ષિતીજ
4410095931374. ✖ ક્ષીતીજ

4410095931375. ✔ ક્ષિતિજ

**Question Number : 46 Question Id : 4410091484821**
નીચે આપેલા વિકલ્પોમાંથી શુદ્ધ લેખન ધરાવતો વિકલ્પ પસંદ કરો.
**Options :**
4410095865880. ✖ નહીં આવે દીદી અહીં
4410095865881. ✖ દીદી નહીં અહીં આવે
4410095865882. ✔ દીદી અહીં નહીં આવે.
4410095865883. ✖ નહીં દીદી આવે અહી

**Question Number : 47 Question Id : 4410091484923**
નીચે આપેલા વિકલ્પોમાંથી ભાષા શુદ્ધિ ધરાવતો વિકલ્પ પસંદ કરો.
**Options :**
4410095866173. ✖ મારો ઉતારો પહેલાં માળે હતો
4410095866174. ✔ મારો ઉતારો પહેલા માળે હતો
4410095866175. ✖ મારો ઊતારો પહેલે માળે હ તો
4410095866176. ✖ મારો ઉતારો પહેલે માળે હતો.

**Question Number : 48 Question Id : 4410091501800**
અલંકાર ઓળખો : કાળા કરમનો કાળો મોહન, કાળું એનું નામ.
**Options :**
4410095931604. ✔ વર્ણાનુપ્રાસ
4410095931605. ✖ શબ્દાનુપ્રાસ
4410095931606. ✖ ઉપમા
4410095931607. ✖ ઉત્પ્રેક્ષા

**Question Number : 49 Question Id : 4410091501810**
અલંકાર ઓળખો : નટવર નીરખ્યાં નેન તેં.
**Options :**
4410095931644. ✖ શબ્દાનુપ્રાસ
4410095931645. ✖ ઉપમા
4410095931646. ✖ ઉત્પ્રેક્ષા
4410095931647. ✔ વર્ણાનુપ્રાસ

**Question Number : 50 Question Id : 4410091484644**
નીચે આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

માન મળ્યું મોટું પણ, નહિ અભિમાન ઉર,
જાણે મહા જોગીરાજ જગતમાં જાગિયો;
**Options :**
4410095865455. ✖ ચોપાઇ
4410095865456. ✖ શિખરિણી
4410095865457. ✖ પૃથ્વી

4410095865458. ✔ મનહર

**Question Number : 51 Question Id : 4410091502031**
ભાષાશુદ્ધિ સંદર્ભે રહેલી ભૂલ જણાવો : તમે એ કાવ્ય વાંચ્યું લાગતી નથી.
**Options :**
4410095932516. ✔ લાગતી
4410095932517. ✖ કાવ્ય
4410095932518. ✖ તમે
4410095932519. ✖ વાંચ્યું

**Question Number : 52 Question Id : 4410091478046**
આપેલ શબ્દની સાચી સંધિ જણાવો : સંયોગ
**Options :**
4410095839519. ✔ સમ્ + યોગ
4410095839520. ✖ સન્ + યોગ
4410095839521. ✖ સમ + યોગ
4410095839522. ✖ સન + યોગ

**Question Number : 53 Question Id : 4410091485259**
નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

જેની કોઇ સંભાળ રાખનાર નથી
**Options :**
4410095867513. ✖ આધાર
4410095867514. ✔ અનાથ
4410095867515. ✖ પાલનહાર
4410095867516. ✖ રખેવાળ

**Question Number : 54 Question Id : 4410091485324**
નીચે આપેલ વ્યંજન સંધિ છોડો.

પરિણામ
**Options :**
4410095867773. ✔ પરિ + નામ
4410095867774. ✖ પરી + નામ
4410095867775. ✖ પરી + ણામ
4410095867776. ✖ પરઈ + નામ

**Question Number : 55 Question Id : 4410091478033**
આપેલ શબ્દસમૂહ માટે સાચો શબ્દ જણાવો : મીઠા પાણીનું જળાશય.
**Options :**
4410095839467. ✖ ખાબોચિયું
4410095839468. ✖ સાગર
4410095839469. ✖ હવાડો

4410095839470. ✔ નવાણ

**Question Number : 56 Question Id : 4410091581321**
Select the most appropriate article to fill in the blank. If no article is needed, select 'No article required'.

She plays _____ piano beautifully and is going to join the orchestra.
**Options :**
4410096246515. ✖ a
4410096246516. ✖ an
4410096246517. ✔ the
4410096246518. ✖ No article required

**Question Number : 57 Question Id : 4410091581335**
Choose the correct option to complete the sentence.

He apologized for breaking ______ window of the classroom.
**Options :**
4410096246567. ✖ a
4410096246568. ✖ an
4410096246569. ✔ the
4410096246570. ✖ No article required

**Question Number : 58 Question Id : 4410091581470**
Select the correct option to complete the given sentence.

The library was very ________, so everyone spoke in whispers.
**Options :**
4410096247100. ✖ crowded
4410096247101. ✖ noisy
4410096247102. ✔ quiet
4410096247103. ✖ busy

**Question Number : 59 Question Id : 4410091581539**
Select the correct option to complete the given sentence.

The player ________ accepted the referee’s decision and continued the match.
**Options :**
4410096247384. ✔ quietly
4410096247385. ✖ perfectly
4410096247386. ✖ deeply
4410096247387. ✖ tenderly

**Question Number : 60 Question Id : 4410091582139**
Choose the correct option to complete the sentence.

You can take the bus ______ walk to school if the weather is pleasant.
**Options :**

4410096249834. ✖ and

4410096249835. ✖ because

4410096249836. ✔ or

4410096249837. ✖ although

**Question Number : 61 Question Id : 4410091583377**

Rearrange the given segments (labelled P, Q, R and S) to form a coherent sentence.

P. to protect the crops
Q. the farmers installed
R. electric fencing
S. around their fields

**Options :**

4410096254844. ✔ QRSP

4410096254845. ✖ SRPQ

4410096254846. ✖ PRSQ

4410096254847. ✖ SRQP

**Question Number : 62 Question Id : 4410091583379**

Choose the correct one word substitution for the sentence given below.

A place where rare and ancient books are carefully preserved

**Options :**

4410096254852. ✖ Laboratory

4410096254853. ✔ Archive

4410096254854. ✖ Gallery

4410096254855. ✖ Warehouse

**Question Number : 63 Question Id : 4410091583381**

Choose the correct one word substitution for the sentence given below.

A person who is unable to read or write

**Options :**

4410096254860. ✔ Illiterate

4410096254861. ✖ Novice

4410096254862. ✖ Ignorant

4410096254863. ✖ Amateur

**Question Number : 64 Question Id : 4410091583392**

Select the correct one-word substitution for the given sentence.

A building where aircraft are housed or repaired

**Options :**

4410096254904. ✖ terminal

4410096254905. ✔ hangar

4410096254906. ✖ runway

4410096254907. ✖ depot

**Question Number : 65 Question Id : 4410091586717**
Choose the correct form of tense to complete the sentence.

The guests _______ at the venue before 6 A.M. tomorrow.
**Options :**
4410096267808. ✖ arrive
4410096267809. ✖ arrived
4410096267810. ✔ will arrive
4410096267811. ✖ arrives

**Question Number : 66 Question Id : 4410091586719**
Choose the correct form of tense to complete the sentence.

Look at those dark clouds! It ______ heavily within a few minutes.

**Options :**
4410096267816. ✖ rains
4410096267817. ✖ rained
4410096267818. ✖ is raining
4410096267819. ✔ is going to rain

**Question Number : 67 Question Id : 4410091586968**
Choose the correct option to complete the sentence.

**Indirect Speech:** The teacher advised the students to revise the lesson carefully.

**Direct Speech:** The teacher said to the students, "______ the lesson ______."

**Options :**
4410096268788. ✔ Revise, carefully
4410096268789. ✖ Revised, careful
4410096268790. ✖ Revising, carefully
4410096268791. ✖ Revise, careful

**Question Number : 68 Question Id : 4410091586970**
Choose the correct option to complete the sentence.

**Indirect Speech:** The doctor asked the patient if he was feeling better.

**Direct Speech:** The doctor said to the patient, "_______ you feeling ______?"
**Options :**
4410096268796. ✔ Are, better
4410096268797. ✖ Were, well
4410096268798. ✖ Are, good
4410096268799. ✖ Was, better

**Question Number : 69 Question Id : 4410091589529**

Choose the correct active voice form of the given sentence.

The match is being watched by thousands of fans.
**Options :**
4410096278696. ✖ Thousands of fans watched the match.
4410096278697. ✔ Thousands of fans are watching the match.
4410096278698. ✖ Thousands of fans have watched the match.
4410096278699. ✖ Thousands of fans were watching the match.

**Question Number : 70 Question Id : 441009479122**
Select the option that expresses the given sentence in passive voice.

The king forced the prisoner to speak the truth.
**Options :**
4410091871837. ✖ The prisoner is forced to speak the truth by the king.
4410091871838. ✖ The prisoner has forced to speak the truth by the king.
4410091871839. ✔ The prisoner was forced to speak the truth by the king.
4410091871840. ✖ The king was forced to speak the truth by the prisoner.

**Question Number : 71 Question Id : 4410091589546**
Identify the antonym of the underlined word.

The village festival was a <u>modest</u> affair compared to last year's celebration.
**Options :**
4410096278756. ✖ humble
4410096278757. ✖ simple
4410096278758. ✔ lavish
4410096278759. ✖ traditional

**Question Number : 72 Question Id : 4410091589562**
Identify the synonym of the underlined word.

The author was praised for her <u>insightful</u> analysis of social change.
**Options :**
4410096278816. ✖ detailed
4410096278817. ✔ perceptive
4410096278818. ✖ imaginative
4410096278819. ✖ critical

**Question Number : 73 Question Id : 4410091589586**
Identify the correct idiom to replace the underlined segment.

His inappropriate conduct at the community fair <u>caused surprise and shock</u>.
**Options :**
4410096278904. ✖ spilled the beans
4410096278905. ✖ stole the show
4410096278906. ✔ raised eyebrows

4410096278907. ✖ hit the nail

**Question Number : 74 Question Id : 4410091589600**
Identify the correct proverb to replace the underlined segment.

The small start-up grew rapidly, showing that <u>steady effort leads to success</u>.
**Options :**
4410096278960. ✔ Rome was not built in a day
4410096278961. ✖ all that glitters is not gold
4410096278962. ✖ fortune favours the brave
4410096278963. ✖ the grass is always greener on the other side

**Question Number : 75 Question Id : 441009409996**
Select the most appropriate idiom that can substitute the underlined segment in the given sentence.

To meet the project deadline, I had to <u>work very hard</u> for several nights in a row.
**Options :**
4410091605374. ✖ Hit the nail on the head
4410091605375. ✔ Burn the midnight oil
4410091605376. ✖ Break the ice
4410091605377. ✖ Let the cat out of the bag

**Question Number : 76 Question Id : 4410091473663**
અમુક કેટેગરિકલ ગ્રુપ્સ (categorical groups)માં અવલોકનોના પ્રમાણને દર્શાવવા માટે કઈ આકૃતિ શ્રેષ્ઠ છે?
**Options :**
4410095822197. ✖
હિસ્ટોગ્રામ

4410095822198. ✔
પાઈ ચાર્ટ

4410095822199. ✖
બોક્સ પ્લોટ

4410095822200. ✖
સ્ટેમ-એન્ડ-લીફ પ્લોટ

**Question Number : 77 Question Id : 4410091473700**
એક રાઉન્ડ ટ્રીપ પર સરેરાશ ઝડપ શોધવા માટે કયો મધ્યક સૌથી યોગ્ય છે જ્યાં અંતર સમાન હોય પણ ઝડપ અલગ અલગ હોય?
**Options :**
4410095822353. ✖
સમાંતર મધ્યક

4410095822354. ✖
ગુણોત્તર મધ્યક

4410095822355. ✔
સ્વરિત મધ્યક (Harmonic mean)

4410095822356. ✖
મધ્યસ્થ (Median)

**Question Number : 78 Question Id : 4410091473803**
જ્યારે ધ્યેય (goal) એ વાસ્તવિક વર્તણૂક અથવા ઘટનાઓને નોંધવાનો હોય જે પ્રમાણે તે કુદરતી રીતે ઉદ્ભવે (લોકોને પૂછ્યા વિના) ત્યારે કઇ પ્રાથમિક-માહિતી પદ્ધતિ સૌથી વધુ યોગ્ય છે?
**Options :**
4410095822780. ✖ સ્ટ્રક્ચર્ડ ઈન્ટરવ્યૂ (Structured interview)
4410095822781. ✔ અવલોકન
4410095822782. ✖ મેઇલ સર્વેક્ષણ
4410095822783. ✖ ફોકસ જૂથ (Focus group)

**Question Number : 79 Question Id : 4410091474748**
કયું વિધાન બહુવિધ નિયતસંબંધ મોડેલમાં નિયતસંબંધાંક (regression coefficient)ના ગુણધર્મનું યોગ્ય રીતે વર્ણન કરે છે?
**Options :**
4410095826553. ✖
પ્રેડિક્ટર (predictor) માટે નિયતસંબંધાંક બદલાતો નથી જો તમે તે પ્રેડિક્ટર (predictor)માં એક અચળાંક ઉમેરો છો.
4410095826554. ✖
નિયતસંબંધાંક સમમિત (symmetric) હોય છે — પ્રેડિક્ટર (predictor) અને રિસ્પોન્સ (response)ની અદલાબદલી તેમને સમાન રાખે છે.
4410095826555. ✔
નિયતસંબંધાંક એ રિસ્પોન્સ (response)માં સરેરાશ ફેરફાર દર્શાવે છે જે કે એ પ્રેડિક્ટર (predictor)માં એક-એકમ ફેરફાર સાથે સંકળાયેલ હોય છે જ્યારે કે અન્ય પ્રેડિક્ટર (predictor)ને ફિક્સ્ડ રાખવામા આવે છે.
4410095826556. ✖
આંકડાકીય રીતે શૂન્ય ન હોય તેવા નિયતસંબંધાંક સાબિત કરે છે કે પ્રેડિક્ટર (predictor) એ રિસ્પોન્સ (response)નું કારણ બને છે.

**Question Number : 80 Question Id : 4410091474830**
નીચેનામાંથી કયું વિધાન ફિશરના આદર્શ સૂચકાંકનું યોગ્ય રીતે વર્ણન કરે છે?
**Options :**
4410095826881. ✖
તે લાસ્પેયર્સ અને પાશે સૂચકાંકોનો ફક્ત સમાંતર મધ્યક છે.
4410095826882. ✔
તે એવી સરેરાશ આપે છે જે આધાર વર્ષ અને વર્તમાન વર્ષના ડેટા બંનેને ધ્યાનમાં લે છે, તેમના પ્રભાવને સંતુલિત કરે છે
4410095826883. ✖
જો આધાર વર્ષના ભાવો અચળ હોય તો જ તેની ગણતરી કરી શકાય છે.
4410095826884. ✖
તે ભાવમાં ફેરફારો માપતી વખતે જથ્થાઓમાં થતા ફેરફારોને અવગણે છે.

**Question Number : 81 Question Id : 4410091474874**
નીચેનામાંથી કયો જથ્થાબંધ ભાવાંક (Wholesale Price Index)નો સામાન્ય ઉપયોગ છે?
**Options :**
4410095827065. ✖
સીધા જ ઘરેલું આવકવેરાના બ્રેકેટ્સ નક્કી કરવા
4410095827066. ✔
ઉત્પાદન અને વેપારમાં ભાવની વધઘટના દબાણને દર્શાવવા માટે, અને નોમિનલ જથ્થાબંધ સ્તરની શ્રેણી અથવા ઇન્ડેક્સિંગ કોન્ટ્રાક્ટ્સને ઘટાડવા માટે ઉપયોગમાં લેવા માટે.

4410095827067. ✖
ઔદ્યોગિક ક્ષેત્રમાં બેરોજગારીના દરને માપવા માટે

4410095827068. ✖
રિટેલ સ્ટોરની માર્કઅપ ટકાવારીઓ નક્કી કરવા માટે

**Question Number : 82 Question Id : 4410091481416**
ટૂંકા ગાળાની વધઘટોને સરળ બનાવવા માટે પડોશી અવલોકનોની સરેરાશ કાઢીને કઈ પદ્ધતિ વલણ ઘટક (trend component) નિર્ધારિત કરે છે?
**Options :**
4410095852766. ✖ ઘાતાંકીય સરલીકરણ (Exponential smoothing)
4410095852767. ✔ ચલિત સરેરાશ (Moving average)
4410095852768. ✖ મોસમી પેટાશ્રેણી પ્લોટ (Seasonal subseries plot)
4410095852769. ✖ સ્વયંનિયતસંબંધિત મોડેલિંગ (Autoregressive modelling)

**Question Number : 83 Question Id : 4410091608738**
એક કંપની એક નવા ઉત્પાદ માટે ગ્રાહકની પસંદગીઓને સમજવા માંગે છે. વાસ્તવિક જીવનનો કયો અભિગમ ડેટા સંગ્રહ (data collection)ના ખ્યાલને શ્રેષ્ઠ રીતે લાગુ પડે છે?
**Options :**
4410096353872. ✔ સંભવિત ગ્રાહકો (potential customers)ને સર્વેક્ષણોનું વિતરણ કરવું
4410096353873. ✖ સંશોધન વિના પસંદગીઓ (preferences) ધારી લેવી
4410096353874. ✖ ગ્રાહકોના પ્રતિસાદ (feedback)ની અવગણના કરવી
4410096353875. ✖ ભૂતકાળના વલણો (past trends)ના આધારે અનુમાન લગાવવું

**Question Number : 84 Question Id : 4410091612714**
જો બે ડેટા સેટ્સ સમાન મધ્યક ધરાવે પરંતુ પ્રમાણિત વિચલનો અલગ હોય, તો તે આપણને શું જણાવે છે?
**Options :**
4410096369706. ✔
ડેટા સેટ્સમાં તેમના મૂલ્યો (Values)કેવી રીતે ફેલાય (Spread out) છે, તેમાં અલગ પડે છે.
4410096369707. ✖
ડેટા સેટ્સ એકસમાન (Identical) છે.
4410096369708. ✖
એક ડેટા સેટ વધુ મૂલ્યો ધરાવે છે.
4410096369709. ✖
ડેટા સેટ્સ વિરુદ્ધ છે.

**Question Number : 85 Question Id : 4410091612795**
જો વિતરણ એ પ્રામાણ્ય વક્ર (Normal Curve) કરતા વધુ ફ્લેટર (Flatter) હોય, તો તેને શું કહેવાય છે?
**Options :**
4410096370026. ✔ પ્લેટીકર્ટિક (Platykurtic)
4410096370027. ✖ લેપ્ટોકર્ટિક (Leptokurtic)
4410096370028. ✖ મેસોકર્ટિક (Mesokurtic)
4410096370029. ✖ સંમિતીય (Symmetric)

**Question Number : 86 Question Id : 4410091621757**

નીચેનામાંથી કયો વિકલ્પ અસતત સંભાવના વિતરણ (Discrete probability distribution)નું શ્રેષ્ઠ વર્ણન કરે છે?
**Options :**

4410096405832. ✔
તે અલગ (Distinct), ભિન્ન મૂલ્યોને સંભાવનાઓ એસાઇન કરે છે.

4410096405833. ✖
તે મૂલ્યોના અંતરાલો (Intervals)ને સંભાવનાઓ એસાઇન કરે છે.

4410096405834. ✖
તે બધી વાસ્તવિક સંખ્યાઓ (Real numbers)ને સંભાવનાઓ પ્રદાન કરે છે.

4410096405835. ✖
તે ફક્ત સંચયી સંભાવના (Cumulative Probability) પ્રદાન કરે છે.

**Question Number : 87 Question Id : 4410091628953**
ડેટાના વ્યસ્ત (Reciprocal)ના સમાંતર મધ્યકના વ્યસ્ત તરીકે મધ્યવર્તી સ્થિતિ (Central Tendency)ના કયા માપની ગણતરી કરવામાં આવે છે?
**Options :**

4410096433958. ✖
ગુણોત્તર મધ્યક (Geometric Mean)

4410096433959. ✖
મધ્યસ્થ (Median)

4410096433960. ✖
બહુલક (Mode)

4410096433961. ✔ સ્વરિત મધ્યક (Harmonic Mean)

**Question Number : 88 Question Id : 4410091630213**
એક સંશોધકને એક જ પરીક્ષણમાં મશીનના કામ કરવાની (સફળતા) અથવા નિષ્ફળ જવાની (નિષ્ફળતા) સંભાવનાનું મોડેલ બનાવવાની જરૂર છે. તો તેમણે કયા વિતરણનો ઉપયોગ કરવો જોઈએ?
**Options :**

4410096438986. ✔ બર્નુલી વિતરણ (Bernoulli distribution)

4410096438987. ✖ દ્વિપદી વિતરણ (Binomial distribution)

4410096438988. ✖ એકરૂપ વિતરણ (Uniform distribution)

4410096438989. ✖ પ્રમાણ્ય વિતરણ (Normal distribution)

**Question Number : 89 Question Id : 4410091630497**
સંશોધનમાં શૂન્ય ઉત્કલ્પના (null hypothesis) શા માટે મહત્વપૂર્ણ છે?
**Options :**

4410096440138. ✔ તે સરખામણી માટે એક આધારરેખા (baseline) પૂરી પાડે છે.

4410096440139. ✖ તે સંશોધન પ્રશ્ન (research question)ને સાબિત કરે છે.

4410096440140. ✖ તે વિકલ્પ ઉત્કલ્પના (alternative hypothesis)ને પ્રતિસ્થાપિત કરે છે.

4410096440141. ✖ વિશ્લેષણ (analysis)માં તેનો ઉપયોગ થતો નથી.

**Question Number : 90 Question Id : 4410091479322**
નિદર્શ મધ્યક અને નિદર્શ વિચરણ (sample variance)ના નિદર્શન વિતરણ વિશે કયું વિધાન સાચું છે?
**Options :**

4410095844384. ✔
નિદર્શનો મધ્યક સમષ્ટિના મધ્યક માટે અનભિનત (unbiased) હોય છે, અને સામાન્ય નિદર્શ વિચરણ (અભિનતિ (bias) માટે પ્રમાણિત સુધારા સાથે) એ સમષ્ટિ વિચરણનું અનભિનત આગણક (estimator) હોય છે.

4410095844385. ✖
નિદર્શનો મધ્યક હંમેશા સમષ્ટિના મધ્યકનો વધુ પડતો અંદાજ આપે છે, અને નિદર્શ વિચરણ કોઈ સુધારા વિના હંમેશા અનભિનત (unbiased) હોય છે.

4410095844386. ✖
નિદર્શ મધ્યક વ્યક્તિગત અવલોકન કરતાં વધુ પરિવર્ત્યતા (variability) ધરાવે છે, અને નિદર્શ મધ્યક તથા નિદર્શ વિચરણ દરેક સમષ્ટિ માટે હંમેશા સ્વતંત્ર હોય છે.

4410095844387. ✖
નિદર્શ મધ્યક અને નિદર્શ વિચરણ એકસમાન આગણકો છે અને હંમેશા સમાન મૂલ્ય આપે છે.

**Question Number : 91 Question Id : 4410091479354**

કઈ નિદર્શન પદ્ધતિ હેતુપૂર્વક સમષ્ટિને સમાંગ પેટાજૂથોમાં વિભાજિત કરે છે અને પછી દરેક પેટાજૂથમાંથી અલગથી નિદર્શ લે છે?

**Options :**

4410095844512. ✖
ગુચ્છ નિદર્શન

4410095844513. ✖
પદિક નિદર્શન

4410095844514. ✔
સ્તરિત યાદૃચ્છિક નિદર્શન

4410095844515. ✖
ક્વોટા નિદર્શન

**Question Number : 92 Question Id : 4410091612698**

દરેક મૂલ્ય અને મધ્યક વચ્ચેના નિરપેક્ષ તફાવતો (Absolute Differences)ની સરેરાશ તરીકે પ્રસારમાન (Dispersion)ના કયા માપની ગણતરી કરવામાં આવે છે?

**Options :**

4410096369642. ✖
વિચરણ (Variance)

4410096369643. ✔
મધ્યકથી સરેરાશ વિચલન (Mean deviation from Mean)

4410096369644. ✖
વિસ્તાર (Range)

4410096369645. ✖
પ્રમાણિત વિચલન (Standard deviation)

**Question Number : 93 Question Id : 4410091629828**

વાસ્તવિક જીવનના અભ્યાસમાં, જો અભ્યાસના કલાકો અને પરીક્ષાના ગુણ વચ્ચેનો સહસંબંધાંક 0.95 હોય, તો તે સંબંધ વિશે શું સૂચવે છે?

**Options :**

4410096437397. ✖ અભ્યાસના કલાકો અને પરીક્ષાના ગુણ વચ્ચે કોઈ સંબંધ નથી.

4410096437398. ✔ અભ્યાસના કલાકો અને પરીક્ષાના ગુણ વચ્ચે ખૂબ જ મજબૂત ધન સુરેખ સંબંધ છે.

4410096437399. ✖ પરીક્ષાના ગુણ વધે છે તેમ અભ્યાસના કલાકો ઘટે છે

4410096437400. ✖ અભ્યાસના કલાકો અને પરીક્ષાના ગુણ વચ્ચે નબળો ઋણ સંબંધ છે.

**Question Number : 94 Question Id : 4410091630264**
કયું પ્રાચલ પ્રામાણ્ય વિતરણ (normal distribution)ના ફેલાવાને નિયંત્રિત કરે છે?
**Options :**
4410096439206. ✖ મધ્યક
4410096439207. ✖ વિચરણ
4410096439208. ✔ પ્રમાણિત વિચલન
4410096439209. ✖ બહુલક

**Question Number : 95 Question Id : 4410091482991**
આંકડા સંગ્રહ અધિનિયમ, 2008 (Collection of Statistics Act, 2008)નો મુખ્ય હેતુ શું છે?
**Options :**
4410095858925. ✖
સરકારી ડેટા સુધી જાહેર જનતાની પહોંચ અટકાવવી
4410095858926. ✔
આર્થિક, વસ્તી વિષયક, સામાજિક, વૈજ્ઞાનિક અને પર્યાવરણીય પાસાઓ પર આંકડા સંગ્રહને સરળ બનાવવું
4410095858927. ✖
રાષ્ટ્રીય નિદર્શન સર્વેક્ષણ કાર્યાલયને ખાનગી એજન્સી સાથે બદલવું
4410095858928. ✖
બધા સરકારી કર્મચારીઓ માટે આંકડાકીય તાલીમ ફરજિયાત બનાવવી

**Question Number : 96 Question Id : 4410091483009**
આંકડા સંગ્રહ અધિનિયમ (Collection of Statistics Act)ને લાગુ કરવા માટે વિગતવાર પ્રક્રિયાઓ (ફોર્મ, સૂચનાઓ અને અમલીકરણ જોગવાઈઓ) કયા દસ્તાવેજમાં શામેલ છે?
**Options :**
4410095858997. ✖
ભારતીય દંડ સંહિતા (Indian Penal Code)
4410095858998. ✔
કલેક્શન ઓફ સ્ટેટિસ્ટિક્સ રૂલ્સ, 2011 (Collection of Statistics Rules, 2011)
4410095858999. ✖
આવકવેરાના નિયમો (Income-tax Rules)
4410095859000. ✖
માહિતી અધિકાર અધિનિયમ (Right to Information Act)

**Question Number : 97 Question Id : 4410091483040**
નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશન (NSC)ની સ્થાપના મુખ્યત્વે નીચેનામાંથી કયા હેતું માટે કરવામાં આવી હતી?
**Options :**
4410095859117. ✖ દર દસ વર્ષે વસ્તી ગણતરી કરવા માટે
4410095859118. ✔ આંકડાકીય બાબતોમાં નીતિઓ, પ્રાથમિકતાઓ અને ધોરણો વિકસાવવા અને આંકડાકીય પ્રણાલીને સંકલિત (Coordinate) કરવા માટે
4410095859119. ✖ ફક્ત ખાનગી સર્વેક્ષણ પેઢીઓ (Private survey firms)નું નિયમન કરવા માટે
4410095859120. ✖ આંકડાકીય મંત્રાલયનું સ્થાન લેવા માટે

**Question Number : 98 Question Id : 4410091483096**
નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશનનો પ્રાથમિક કાર્ય (Primary Mandate) શું છે?

Options :
4410095859337. ✖ તમામ સરકારી સર્વેક્ષણોને સીધા હાથ ધરવા
4410095859338. ✔ સત્તાવાર આંકડાઓ માટે રાષ્ટ્રીય નીતિઓ, પ્રાથમિકતાઓ અને ધોરણો વિકસિત કરવા અને સમગ્ર સિસ્ટમમાં સંકલન (Coordination) સુનિશ્ચિત કરવું
4410095859339. ✖ અન્ય મંત્રાલયોના બજેટને મંજૂર કરવા
4410095859340. ✖ રાજ્ય સ્તરે આંકડાકીય બ્યુરો (Statistical bureaus) ચલાવવા

**Question Number : 99 Question Id : 4410091483159**
નીચેનામાંથી કઈ નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (NSSO)ની પ્રાથમિક જવાબદારી હતી?
**Options :**
4410095859577. ✔ સમગ્ર ભારતમાં મોટા પાયે ઘરેલું (Household) અને ક્ષેત્રીય સેમ્પલ સર્વે હાથ ધરવા
4410095859578. ✖ નેશનલ એકાઉન્ટ્સ (GDP) આંકડાઓનું સંકલન કરવું
4410095859579. ✖ નાણાકીય નીતિના દિશાનિર્દેશો (Monetary policy directions) જારી કરવા
4410095859580. ✖ રાષ્ટ્રીય ચૂંટણીઓ હાથ ધરવી

**Question Number : 100 Question Id : 4410091483175**
નીચેનામાંથી કયું સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (CSO)નું મુખ્ય કાર્ય હતું?
**Options :**
4410095859637. ✖ માત્ર નેશનલ સેમ્પલ સર્વે (ઘરેલું સર્વેક્ષણો) હાથ ધરવા
4410095859638. ✔ નેશનલ એકાઉન્ટ્સ સ્ટેટિસ્ટિક્સ (જેમ કે GDP)ને કમ્પાઇલ અને પ્રકાશિત કરવું અને સ્ટેટિસ્ટિક્સ સ્ટાન્ડર્ડ્સનું સંકલન (Coordinate) કરવું
4410095859639. ✖ રાજ્યો માટે સત્તાવાર ગેઝેટ્સ પ્રિન્ટ કરવા
4410095859640. ✖ ખાનગી રિસર્ચ પેઢીઓ (Research firms)નું નિયમન કરવું

**Question Number : 101 Question Id : 4410091483284**
નીચેનામાંથી કયું ક્ષેત્રવાર કૃષિ આંકડાઓમાં નોંધાયેલું પ્રમાણભૂત જમીન-ઉપયોગ સૂચકાંક છે?
**Options :**
4410095860055. ✖
ગ્રાહક ભાવાંક (Consumer Price Index)
4410095860056. ✔
ચોખ્ખો વાવેલો વિસ્તાર (Net Area Sown)
4410095860057. ✖
સાક્ષરતા દર
4410095860058. ✖
રસ્તાની લંબાઈ

**Question Number : 102 Question Id : 4410091483308**
શિક્ષણના આંકડાઓ (તે નોંધાયેલા વિદ્યાર્થીઓની ઉંમરને ધ્યાનમાં લીધા વિના ગણતરી કરે છે) માં નીચેનામાંથી કયો સામાન્ય રીતે એક્સેસ સૂચક (Access Indicator) તરીકે ઉપયોગમાં લેવાય છે?
**Options :**
4410095860147. ✖ ડ્રોપ આઉટ રેટ
4410095860148. ✔ ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER)
4410095860149. ✖ ટીચર ક્વોલિફિકેશન ઇન્ડેક્સ
4410095860150. ✖ સ્કૂલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્ડેક્સ

**Question Number : 103 Question Id : 4410091483330**
ભારતમાં આરોગ્ય સેવા વિતરણ (Health service delivery) (નોંધણી, જન્મ, રસીકરણ, સુવિધાની કામગીરી) પર માસિક ડેટા એકત્રિત કરવા માટે કઈ નિયમિત, સુવિધા-સ્તરની પદ્ધતિનો ઉપયોગ થાય છે?

**Options :**

4410095860235. ✖ NFHS (નેશનલ ફેમીલી હેલ્થ સર્વે)

4410095860236. ✔ HMIS (હેલ્થ મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ)

4410095860237. ✖ SRS (સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ)

4410095860238. ✖ વસ્તી ગણતરી

**Question Number : 104 Question Id : 4410091483485**
સમય સાથે ગ્રાહક કિંમતો (Consumer prices)માં કેવી રીતે ફેરફાર થાય છે તે દર્શાવવા માટે સામાન્ય રીતે કયા સૂચકનો ઉપયોગ કરવામાં આવે છે?

**Options :**

4410095860837. ✖
ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ

4410095860838. ✔
ગ્રાહક ભાવ સૂચકાંક (CPI)

4410095860839. ✖
શ્રમ દળની ભાગીદારીનો દર

4410095860840. ✖
શિશુ મૃત્યુ દર

**Question Number : 105 Question Id : 4410091483575**
નીચેનામાંથી કયું કુલ સ્થાનિક ઉત્પાદન (GDP)નું શ્રેષ્ઠ વર્ણન કરે છે?

**Options :**

4410095861185. ✖
એક વર્ષ દરમિયાન બધા નિકાસમાંથી આયાતને બાદ કરીને કુલ મૂલ્ય.

4410095861186. ✔
એક ચોક્કસ સમયગાળા દરમિયાન દેશની અંદર ઉત્પાદિત અંતિમ માલ અને સેવાઓનું કુલ નાણાકીય મૂલ્ય.

4410095861187. ✖
અર્થતંત્રમાં કામ કરવાવાળા વ્યક્તિઓની કુલ સંખ્યા.

4410095861188. ✖
એક વર્ષમાં કુલ સરકારી ખર્ચ.

**Question Number : 106 Question Id : 4410091631296**
ભારતના સત્તાવાર આંકડાઓના સંદર્ભમાં CSOનું પૂરું નામ શું છે?

**Options :**

4410096443408. ✖
સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓર્ડર (Central Statistical Order)

4410096443409. ✔
સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (Central Statistics Office)

4410096443410. ✖
સેન્ટ્રલ સર્વે ઓર્ગેનાઇઝેશન (Central Survey Organization)

4410096443411. ✖
સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓપરેશન્સ (Central Statistical Operations)

**Question Number : 107 Question Id : 4410091632666**
સરકારી આયોજનના સંબંધમાં નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઇઝેશનનું મુખ્ય કાર્ય શું છે?
**Options :**
4410096448786. ✔
નીતિ ઘડતર માટે આંકડાકીય માહિતી પૂરી પાડવી
4410096448787. ✖
બંધારણીય સુધારાઓનો મુસદ્દો તૈયાર કરવો
4410096448788. ✖
મજૂર વિવાદોમાં મધ્યસ્થી કરવી
4410096448789. ✖
આંતરરાષ્ટ્રીય સંધિઓ પર વાટાઘાટો કરવી

**Question Number : 108 Question Id : 4410091633633**
કૃષિ ઉત્પાદકતાનું આકલન કરવા માટે નીચેનામાંથી કયો સૂચકાંક (indicator) વપરાય છે?
**Options :**
4410096452622. ✖
અપેક્ષિત આયુષ્ય
4410096452623. ✖
ઔદ્યોગિક ઉત્પાદન
4410096452624. ✔
હેક્ટર દીઠ પાકની ઉપજ
4410096452625. ✖
સાક્ષરતા દર

**Question Number : 109 Question Id : 4410091482966**
નીચેનામાંથી કયું નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશન (NSC)ની રચનાનું યોગ્ય રીતે વર્ણન કરે છે?
**Options :**
4410095858829. ✖ કોઈ પણ સભ્યો વિના ફક્ત અધ્યક્ષ (Chairperson) હોય છે.
4410095858830. ✔ હોદ્દાની રૂએ સભ્યો (Ex-officio members) સાથે એક અધ્યક્ષ (Chairperson) અને ચાર પાર્ટ-ટાઇમ સભ્યો હોય છે.
4410095858831. ✖ રાજ્યો દ્વારા નિયુક્ત (Appointed) દસ ફુલ-ટાઇમ સભ્યો હોય છે.
4410095858832. ✖ કોઈ પણ કમિશન સ્ટ્રક્ચર વિના એક જ મુખ્ય આંકડાશાસ્ત્રી (Chief Statistician) હોય છે.

**Question Number : 110 Question Id : 4410091483136**
નીચેનામાંથી કઈ નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)ની એક મુખ્ય પ્રવૃત્તિ છે?
**Options :**
4410095859489. ✔ મોટા પાયે સેમ્પલ સર્વે (જેમ કે ઘરેલું અને ઉદ્યોગ સર્વેક્ષણો) હાથ ધરવા અને સત્તાવાર સર્વેક્ષણ અહેવાલો પ્રકાશિત કરવા
4410095859490. ✖ ચલણી નોટો જારી કરવી અને નાણાકીય નીતિને મેનેજ કરવું
4410095859491. ✖ રાજ્યોમાં શાળા શિક્ષણ બોર્ડ ચલાવવા
4410095859492. ✖ દેશમાં તમામ ચૂંટણીઓ હાથ ધરવી

**Question Number : 111 Question Id : 4410091483262**
ભારતમાં નીચેનામાંથી કયું સર્વેક્ષણ નિયમિત શ્રમબળ સૂચકાંકો (જેવા કે શ્રમબળની ભાગીદારી અને બેરોજગારી દરો) નો મુખ્ય સ્રોત છે?
**Options :**
4410095859971. ✖ ઉદ્યોગોનું વાર્ષિક સર્વેક્ષણ (ASI)
4410095859972. ✔ સામયિક શ્રમ બળ સર્વેક્ષણ (PLFS)/NSSO ની આગેવાની હેઠળના શ્રમ સર્વેક્ષણો (MoSPI)
4410095859973. ✖
આર્થિક વસ્તી ગણતરી
4410095859974. ✖ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)

**Question Number : 112 Question Id : 4410091632774**
જો સત્તાવાર આંકડા પશુધનની વસ્તીમાં વધારો દર્શાવે છે પરંતુ પાક ઉત્પાદનમાં ઘટાડો દર્શાવે છે, તો સંભવિત સૂચિતાર્થ શો હોઇ શકે છે?
**Options :**
4410096449218. ✔
પશુપાલન તરફ બદલાવ
4410096449219. ✖
શહેરીકરણમાં વધારો
4410096449220. ✖
ખાણકામનું વિસ્તરણ
4410096449221. ✖
ઇલેક્ટ્રોનિક્સમાં વૃદ્ધિ

**Question Number : 113 Question Id : 4410091633608**
કયું મંત્રાલય નેશનલ સેમ્પલ સર્વે ઓફિસનું સંચાલન કરે છે?
**Options :**
4410096452522. ✖
નાણાં મંત્રાલય
4410096452523. ✔
આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય
4410096452524. ✖
શ્રમ મંત્રાલય
4410096452525. ✖
ગૃહ મંત્રાલય

**Question Number : 114 Question Id : 4410091551804**
અભિવ્યક્તિ $\prod_{n=1}^{4}(n+2)$ નું મૂલ્યાંકન કરો.
**Options :**
4410096129843. ✖ 720
4410096129844. ✔ 360
4410096129845. ✖ 540
4410096129846. ✖ 180

**Question Number : 115 Question Id : 4410091551807**

ગુણાકાર $999999 \times 1000001$ નું મૂલ્યાંકન કરો.
**Options :**
4410096129855. ✗ $10^{12}+1$
4410096129856. ✗ $10^{6}-1$
4410096129857. ✗ $10^{13}-1$
4410096129858. ✓ $10^{12}-1$

**Question Number : 116 Question Id : 4410091554304**
બાઈનરી સંખ્યા $(1010101)_2$ ને દશાંશમાં ફેરવો.
**Options :**
4410096139865. ✓ 85
4410096139866. ✗ 75
4410096139867. ✗ 84
4410096139868. ✗ 81

**Question Number : 117 Question Id : 4410091554312**
દશાંશ સંખ્યા $(75)_{10}$ ને દ્વિઅંકી (Binary)માં પરિવર્તિત કરો.
**Options :**
4410096139897. ✗ $(1001010)_2$
4410096139898. ✓ $(1001011)_2$
4410096139899. ✗ $(1001001)_2$
4410096139900. ✗ $(1011001)_2$

**Question Number : 118 Question Id : 4410091554423**
એક સંખ્યાને બે ધન ભાગો (Positive Parts)માં વિભાજીત કરવામાં આવે છે જેનો સરવાળો 52 છે. એક ભાગ એ બીજા ભાગના ચાર ગણા કરતા 8 ઓછો છે. તો બે ભાગોમાંથી મોટો ભાગ કેટલો છે?
**Options :**
4410096140345. ✗ 12
4410096140346. ✗ 20
4410096140347. ✗ 30
4410096140348. ✓ 40

**Question Number : 119 Question Id : 4410091554448**
જો $y=x^2$ નો આલેખ 2 એકમ જમણી તરફ અને 3 એકમ ઉપર તરફ ખસે છે. તો નવું સમીકરણ કયું હશે?
**Options :**
4410096140445. ✗ $y=(x+2)^2+3$
4410096140446. ✗ $y=(x+2)^2-3$
4410096140447. ✗ $y=(x-2)^2-3$
4410096140448. ✓ $y=(x-2)^2+3$

**Question Number : 120 Question Id : 4410091554469**

ધારો કે $\lim_{x\to 2}\frac{x^3-8}{x-2}=\lim_{x\to a}\frac{x^4-a^4}{x^2-a^2}$ છે, જ્યાં $a>0$ હોય, તો 'a' નું મૂલ્ય શોધો.

**Options :**

4410096140525. ✖ $\sqrt{3}$

4410096140526. ✔ $\sqrt{6}$

4410096140527. ✖ $\sqrt{5}$

4410096140528. ✖ $\sqrt{2}$

**Question Number : 121 Question Id : 4410091555632**

$f(x)=\begin{cases} kx^2+3 \ ; \ x\le 2 \\ x^2+4x-1 \ ; \ x>2 \end{cases}$ હોય,

તો k ના કયા મૂલ્ય માટે f(x) એ x = 2 પર વિકલનીય છે?

**Options :**

4410096145073. ✖ $k=-2$

4410096145074. ✖ $k=-1$

4410096145075. ✖ $k=1$

4410096145076. ✔
$k=2$

**Question Number : 122 Question Id : 4410091555712**

વિસ્તરણ (Expansion) $\left(x^2+\frac{1}{x^3}\right)^{10}$ માં, અચળ પદ (Constant Term) _________ છે.

**Options :**

4410096145389. ✔ 210

4410096145390. ✖ 70

4410096145391. ✖ 170

4410096145392. ✖ 105

**Question Number : 123 Question Id : 4410091555745**

જો $(1+2x)^k$ ના વિસ્તરણમાં, $x^3$ અને $x^4$ ના સહગુણાંકો 1 : 2 ના ગુણોત્તરમાં હોય, તો k નું મૂલ્ય શોધો.

**Options :**

4410096145533. ✖ $k=3$

4410096145534. ✖ $k=5$

4410096145535. ✔ $k=7$

4410096145536. ✖ $k=9$

**Question Number : 124 Question Id : 4410091555806**

ધારો કે, $A=\begin{bmatrix} 2 & k & 0 \\ 0 & 2 & k \\ k & 0 & 2 \end{bmatrix}$ છે. જો det(A) = 0 હોય, તો k નું મૂલ્ય શોધો.

Options :

4410096145777. ✖ $k=2$

4410096145778. ✖ $k=3$

4410096145779. ✔ $k=-2$

4410096145780. ✖ $k=-1$

**Question Number : 125 Question Id : 4410091555864**

જો A એ 2 X 2 શ્રેણિક હોય અને $A^2-3A+I=O$ ને સંતોષે (સમાધાન કરે) છે તો, નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે?

Options :

4410096146009. ✖ A સિંગ્યુલર (Singular) હોવો જોઈએ.

4410096146010. ✖ A વિકર્ણીય (Diagonal) હોવો જોઈએ.

4410096146011. ✖ A સમમિત (Symmetric) હોવો જોઈએ.

4410096146012. ✔ A ઈન્વર્ટિબલ (Invertible) હોવો જોઈએ.

**Question Number : 126 Question Id : 4410091555985**

અંકો 1, 2, 3, 4, 5 અને 6 નો એ રીતે ઉપયોગ કરીને કે કોઈપણ અંક પુનરાવર્તિત ન થાય, એવી કેટલી પાંચ અંકોની સંખ્યાઓ બનાવી શકાય છે જે 40,000 કરતા નાની હોય?

Options :

4410096146489. ✖ 120

4410096146490. ✖ 144

4410096146491. ✖ 250

4410096146492. ✔ 360

**Question Number : 127 Question Id : 4410091554334**

નીચે આપેલ બાઈનરી સરવાળાનું મૂલ્યાંકન કરો.

$(11011)_2+(10101)_2$

Options :

4410096139981. ✖ $(10000)_2$

4410096139982. ✖ $(11000)_2$

4410096139983. ✖ $(111000)_2$

4410096139984. ✔ $(110000)_2$

**Question Number : 128 Question Id : 4410091554354**

જો $3^{27^x}=27^{3^x}$ હોય, તો $x$ નું મૂલ્ય શોધો.

Options :

4410096140061. ✖ $\frac{1}{4}$

4410096140062. ✔ $\frac{1}{2}$

4410096140063. ✖ 4

4410096140064. ✖ 2

**Question Number : 129 Question Id : 4410091554453**

એક વિધેય $f:R \rightarrow R$ એ $f(x+3) + f(x) = 10$ ને સંતોષે (સમાધાન કરે) છે અને $f(x)$ ના આલેખનો ન્યૂનતમ (minimum) $x = 1$ પર છે.

ન્યૂનતમ બીજે ક્યાં હોવું જોઈએ?

**Options :**

4410096140465. ✖

ફોર્મ 1+3k ના બધા બિંદુઓ પર; $k \in \mathbb{Z}$

4410096140467. ✔

ફોર્મ 1+6k ના બધા બિંદુઓ પર; $k \in \mathbb{Z}$

4410096140466. ✖

ફોર્મ 1+5k ના બધા બિંદુઓ પર; $k \in \mathbb{Z}$

4410096140468. ✖

ફોર્મ 1+7k ના બધા બિંદુઓ પર; $k \in \mathbb{Z}$

**Question Number : 130 Question Id : 4410091555696**

ધારો કે $f(x) = x-3^{\alpha}$ છે. તો $\alpha$ ના કયા મૂલ્ય માટે $f(x)$ એ $x = 3$ પર વિકલનીય છે?

**Options :**

4410096145329. ✖ $\alpha \leq 1$

4410096145330. ✔ $\alpha \in (1, \infty) \cup \{0\}$

4410096145331. ✖ $0 \leq \alpha \leq 2$

4410096145332. ✖ $\alpha \geq 0$

**Question Number : 131 Question Id : 4410091555908**

ધારો કે $A = \begin{bmatrix} 1 & t \\ 0 & 1 \end{bmatrix}$. t ના કયા મૂલ્ય માટે A વિકર્ણીકરણ યોગ્ય (diagonalizable) છે?

**Options :**

4410096146185. ✖ ફક્ત $t = 1$ માટે

4410096146186. ✖ ફક્ત $t = -1$ માટે

4410096146187. ✖ ફક્ત $t = \pm 2$ માટે

4410096146188. ✔ ફક્ત $t = 0$ માટે

**Question Number : 132 Question Id : 4410091555960**

એક શહેરની વસ્તી 2020 માં 10,000 અને 2022 માં 12,000 હતી. ધારો કે રેખીય વૃદ્ધિ દર (linear growth rate) છે તો, વર્ષ 2024 માટે અંદાજિત વસ્તી (extrapolated population) કેટલી હશે?

**Options :**

4410096146389. ✖ 13,000

4410096146390. ✔ 14,000

4410096146391. ✖ 15,000

4410096146392. ✖ 16,000

**Question Number : 133 Question Id : 4410091475892**
અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવાની જરૂર શા માટે છે?
**Options :**

4410095830862. ✖ અમર્યાદિત સંસાધનો અને મર્યાદિત જરૂરિયાતો (wants)

4410095830863. ✖ અમર્યાદિત સંસાધનો અને અમર્યાદિત જરૂરિયાતો

4410095830864. ✖ મર્યાદિત સંસાધનો અને મર્યાદિત જરૂરિયાતો

4410095830865. ✔ મર્યાદિત સંસાધનો અને અમર્યાદિત જરૂરિયાતો

**Question Number : 134 Question Id : 4410091491449**
નીચેનામાંથી કઇ સ્થિતિ એવી છે કે જેમાં કોઈ વ્યક્તિ દ્વારા કોઈ વસ્તુનો વપરાશ કરવાથી બીજા વ્યક્તિની તેનો ઉપયોગ કરવાની ક્ષમતા ઓછી થાય છે?
**Options :**

4410095891577. ✔ હરીફાઈવાળું (Rivalrous)

4410095891578. ✖ હરીફાઈ વગરનું (Non- Rivalrous)

4410095891579. ✖
બાકાત ન રાખી શકાય તેવું (Non- excludable)

4410095891580. ✖
બાકાત રાખી શકાય તેવું (Excludable)

**Question Number : 135 Question Id : 4410091491459**
નીચેનામાંથી કયું સ્કેલ પર ઘટતા રિટર્ન્સનું અર્થઘટન છે?
**Options :**

4410095891617. ✖
ઉત્પાદનના તમામ પરિબળોમાં ટકાવારીના ફેરફાર કરતાં કુલ ઉત્પાદમાં વધારો ટકાવારીમાં વધુ છે.

4410095891618. ✖
જ્યારે ફક્ત અસ્થિર પરિબળોનો ઉપયોગ વધારવામાં આવે છે, ત્યારે નિશ્ચિત પરિબળોને અચળ રાખીને સીમાંત ઉત્પાદમાં ઘટાડો થાય છે.

4410095891619. ✖
જ્યારે ફક્ત અસ્થિર પરિબળોનો ઉપયોગ વધારવામાં આવે છે, ત્યારે નિશ્ચિત પરિબળોને અચળ રાખીને સીમાંત ઉત્પાદમાં વધારો થાય છે.

4410095891620. ✔
ઉત્પાદનના તમામ પરિબળોમાં ટકાવારીમાં ફેરફાર કરતાં કુલ ઉત્પાદમાં વધારો ટકાવારીમાં ઓછો છે.

**Question Number : 136 Question Id : 4410091491543**
નીચેનામાંથી કયું આર્થિક વૃદ્ધિ (Economic growth) અને આર્થિક વિકાસ (Economic development) વચ્ચેના તફાવતનું વર્ણન કરતું નથી?
**Options :**

4410095891953. ✖
આર્થિક વૃદ્ધિ એક માત્રાત્મક ખ્યાલ (Quantitative concept) છે જ્યારે આર્થિક વિકાસ એક ગુણાત્મક ખ્યાલ (Qualitative concept) છે.

4410095891954. ✖
આર્થિક વૃદ્ધિ ફક્ત આવક પૂરી પાડે છે જ્યારે આર્થિક વિકાસ એક વૈવિધ્યસભર માપદંડ (Diversified measure) છે.

4410095891955. ✖
આર્થિક વિકાસની તુલનામાં આર્થિક વૃદ્ધિ એક સંકુચિત માપદંડ (Narrower measure) છે.

4410095891956. ✔
આર્થિક વૃદ્ધિ આવકનું વધુ સારું વિતરણ (Better distribution) સુનિશ્ચિત કરે છે જ્યારે આર્થિક વિકાસ એવું કરતો નથી.

**Question Number : 137 Question Id : 4410091499362**
ઉત્પાદનમાં ઇનપુટ અને આઉટપુટ વચ્ચેના સંબંધને _________ કહેવામાં આવે છે.
**Options :**
4410095922354. ✖
ખર્ચ કાર્ય (Cost function)

4410095922355. ✔
ઉત્પાદન કાર્ય (Production function)

4410095922356. ✖
માર્જિનલ પ્રોડક્ટ (Marginal product)

4410095922357. ✖ એવરેજ પ્રોડક્ટ (Average product)

**Question Number : 138 Question Id : 4410091499349**
સરેરાશ ખર્ચની રેખાના ન્યૂનતમ બિંદુ (Minimum Point)માંથી કઈ રેખા પસાર થાય છે?
**Options :**
4410095922306. ✖ સરેરાશ આવકની રેખા
4410095922307. ✔ સીમાંત ખર્ચની રેખા
4410095922308. ✖ સરેરાશ અસ્થિર ખર્ચની રેખા
4410095922309. ✖ કુલ ખર્ચની રેખા

**Question Number : 139 Question Id : 4410091494047**
વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક નીચેનામાંથી કઈ પદ્ધતિ (Methodology) પર આધારિત છે?
**Options :**
4410095901800. ✔
અલ્કાયર-ફોસ્ટર (AF) (Alkire-Foster) પદ્ધતિ

4410095901801. ✖
ફ્રાન્સિસ બેકન (Francis Bacon) પદ્ધતિ

4410095901802. ✖
કાર્લ પોપર (Karl Popper)ની પદ્ધતિ

4410095901803. ✖
થોમસ કુહ્ન (Thomas Kuhn) પદ્ધતિ

**Question Number : 140 Question Id : 4410091494037**
નીચેનામાંથી કયું પરિબળ ઉત્પાદકના પુરવઠાને અસર કરતું નથી?
**Options :**
4410095901760. ✖
ટેકનોલોજીકલ નવીનતા

4410095901761. ✔
સ્વાદ અને પસંદગીઓમાં ફેરફાર

4410095901762. ✖
ઉત્પાદન ખર્ચ

4410095901763. ✖
ઇનપુટ્સની કિંમત

**Question Number : 141 Question Id : 4410091494053**
જો વ્યાજ દર એ GDP માં વૃદ્ધિ કરતા ઓછો હોય, તો વધેલા ખાનગી અને સરકારી રોકાણનું નીચેનામાંથી શું અસર હશે?
**Options :**

4410095901824. ✔
બજેટ ખાધમાં ઘટાડો

4410095901825. ✖
બજેટ ખાધમાં વધારો

4410095901826. ✖
બજેટ ખાધમાં કોઈ ફેરફાર નહી

4410095901827. ✖
બજેટ સરપ્લસમાં ઘટાડો

**Question Number : 142 Question Id : 4410091494066**
નીચેનામાંથી કયું પ્રત્યક્ષ કરનું એક ઉદાહરણ છે?
**Options :**

4410095901876. ✖
કસ્ટમ ડ્યુટી કર

4410095901877. ✖
સેવા કર

4410095901878. ✖
મનોરંજન કર

4410095901879. ✔
મૂડી લાભ કર

**Question Number : 143 Question Id : 4410091499492**
વિસ્તરણકારી રાજકોષીય નીતિ (expansionary fiscal policy) દરમિયાન સરકારી બજેટનું શું થાય છે?
**Options :**

4410095922870. ✖ તે બજેટ સપપ્લસ (budget surplus)માં પરિણમે છે.

4410095922871. ✔
તે બજેટ ખાધ (budget deficit)માં પરિણમે છે.

4410095922872. ✖ તે સંતુલિત રહે છે.

4410095922873. ✖ તે માત્ર ઉચ્ચત્તર કરો (higher taxes)માં પરિણમે છે.

**Question Number : 144 Question Id : 4410091512531**
ભારતમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે મહેસૂલ સત્તા (Revenue powers)ના વિતરણ માટે સામાન્ય રીતે કયો સિદ્ધાંત અનુસરવામાં આવતો નથી?
**Options :**

4410095974182. ✖
કાર્યક્ષમતા

4410095974183. ✖ યોગ્યતા (Suitability)

4410095974184. ✔
રાજકીય અનુકૂળતા (Political expediency)

4410095974185. ✖
પર્યાપ્તતા

**Question Number : 145 Question Id : 4410091499484**
નીચેનામાંથી કયું પરિબળ ખાધપૂરક નાણાતંત્ર (deficit financing)ની સલામત મર્યાદા (safe limit)ને અસર કરતું નથી?
**Options :**

4410095922838. ✖ વપરાશના માલની પુરવઠા સ્થિતિસ્થાપકતા (Supply elasticity)

4410095922839. ✖
ખાધ (deficit) દ્વારા ફાઈનાન્સ્ડ સરકારી ખર્ચની પ્રકૃતિ

4410095922840. ✖ વિદેશી વિનિમય અનામત (Foreign exchange reserves)

4410095922841. ✔ દેશમાં રાજકીય પક્ષોની સંખ્યા

**Question Number : 146 Question Id : 4410091497801**
નીચેનામાંથી કયું અર્થતંત્રમાં નાણાં પુરવઠામાં વધારો કરે છે?
**Options :**

4410095916216. ✖
કેશ રિઝર્વ રેશિઓમાં વધારો

4410095916217. ✖
રેપો રેટમાં વધારો

4410095916218. ✖
રિવર્સ રેપો રેટમાં વધારો

4410095916219. ✔
દેશની સેન્ટ્રલ બેંક દ્વારા સરકારી સિક્યોરિટીઝની ખરીદી

**Question Number : 147 Question Id : 4410091512553**
1948માં સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા તરીકે કઈ સંસ્થા રાષ્ટ્રીયકૃત (Nationalize) કરવામાં આવી હતી?
**Options :**

4410095974274. ✖
ઇમ્પીરિયલ બેંક ઓફ ઈન્ડિયા (Imperial Bank of India)

4410095974275. ✔
ભારતીય રિઝર્વ બેંક (Reserve Bank of India)

4410095974276. ✖
ઇન્ડસ્ટ્રિયલ ક્રેડિટ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ICICI)

4410095974277. ✖
જીવન વીમા નિગમ (LIC)

**Question Number : 148 Question Id : 4410091512601**
માઇક્રો-ફાઇનાન્સ નીચેનામાંથી કયા સિદ્ધાંત પર આધારિત નથી?
**Options :**

4410095974466. ✖
ગરીબી નિવારણના સાધન તરીકે સ્વરોજગાર

4410095974467. ✖
મૂડી અસ્કયામતો (Capital assets) સુધીની પહોંચ એક અવરોધ છે

4410095974468. ✖
ઓછી અને અનિયમિત આવકને કારણે ગરીબ લોકો બચત કરી શકતા નથી

4410095974469. ✔
મહત્તમ નફો મેળવવા પર વિશેષ ધ્યાન (Exclusive focus)

**Question Number : 149 Question Id : 4410091512634**
કેશ રિઝર્વ રેશિયો (CRR) શું છે?

**Options :**

4410095974594. ✔
બેન્કો દ્વારા ભારતીય રિઝર્વ બેંકમાં રોકડ તરીકે રાખેલી થાપણોની ટકાવારી

4410095974595. ✖
આપેલી લોન અને એકત્રિત થાપણોનો ગુણોત્તર

4410095974596. ✖
સરકારી સિક્યોરિટીઝમાં રોકાણ કરાયેલ બેંક ભંડોળનો એક ભાગ

4410095974597. ✖
બેંકિંગ અનામત સાથે સંબંધિત ન હોય તેવું નિયમન

**Question Number : 150 Question Id : 4410091512626**
નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ સામાન્ય રીતે નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓ (NBFCs) દ્વારા કરવામાં આવતી નથી?

**Options :**

4410095974562. ✖
સાધનો ભાડાપટ્ટે આપવા

4410095974563. ✖ હાયર પરચેઝ ફાઇનાન્સ

4410095974564. ✔
જનતા પાસેથી ડિમાન્ડ ડિપોઝિટ સ્વીકારવી

4410095974565. ✖
સ્ટોકબ્રોકિંગ અને માઇક્રોફાઇનાન્સ પ્રવૃત્તિઓ

# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર

**(Website:-** https://gpssb.gujarat.gov.in)

## જાહેરાત ક્રમાંક:-૦૮/૨૦૨૫-૨૬ સંશોધન મદદનીશ સંવર્ગની CBRT પધ્ધતિથી લેવાયેલ પરીક્ષાની ફાઇનલ આન્સર કી (FAK) પ્રસિધ્ધિ અંગેની જાહેરાત

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત ક્રમાંક:- ૦૮/૨૦૨૫-૨૬ સંશોધન મદદનીશ સંવર્ગની CBRT (Computer Based Response Test) પધ્ધતિથી MCQ(Multiple Choice Questions) પ્રકારના હેતુલક્ષી પ્રશ્નોવાળી સ્પર્ધાત્મક પરીક્ષા તા.૨૦-૦૧-૨૦૨૬ના રોજ યોજવામાં આવેલ હતી, જેની પ્રોવિઝનલ આન્સર કી તા.૨૩-૦૧-૨૦૨૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી અને ઉમેદવારો પાસેથી તા.૨૩-૦૧-૨૦૨૬ ૧૪:૦૦ કલાકથી તા.૨૮-૦૧-૨૦૨૬ના ૨૩:૫૫ કલાક સુધી ઓનલાઇન વાંધા સુચનો રજુ કરવા જણાવવામાં આવેલ હતું.

આ પરત્વે ઉમેદવારો દ્વારા સદર પ્રોવિઝનલ આન્સર કી સામે કોઇ પણ પ્રશ્ન અંગે વાંધા સૂચનો રજુ કરવામાં આવેલ નથી જે અન્વયે સદર પ્રશ્નપત્રના કોઇ પણ પ્રશ્નના જવાબોમાં સુધારો કરવાનો રહેતો નથી.

ઉપરોક્ત બાબતો અન્વયે સદર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉમેદવારોને કુલ – 150 પ્રશ્નો માટે કુલ – 150 માર્કસ મુજબના પ્રતિ પ્રશ્નના સાચા જવાબ માટે **+1.0 માર્કસ** ગણવામાં આવશે અને પ્રત્યેક ખોટા જવાબ માટે **-0.25** માર્કસ કાપવામાં આવશે, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી.

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૦૬/૦૨/૨૦૨૬

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

PariksaPath . pariksapath.in